# –: બચ્ચાની તાઅલીમ :–
# વાલેદૈન વાસ્તે ફરઝે અઝીમ

અલ્લાહતઆલાની હમારે પર બેઈન્તેહા નવાઝિશ અને ઈનાયત છે કે હમને ઈન્સાની કાબિલમાં પૈદા કરી હમને અકલ અને દીનની એક લાઝવાલ નેઅમતથી માલામાલ કીધા. અકલ ને તરો તાઝા રાખવા વાસ્તે, તૈઝ અને આબદાર રાખવા વાસ્તે અદબ, તહઝીબ, તાઅલીમ, તરબીયત અને અખ્લાકે કરીમા હોવા અઝહદ લાઝિમી છે. દીને કામિલની તાઅલીમાતની પૈરવી કરીને જ હમેં અકલે કામિલને હાસિલ કરી શકીએ છીએ. ઈસ્માઈલી તૈયેબી અકીદા મુજબ અક્લના મકામ પર નબી છે અને નફસના મકામ પર વસી છે. અગર ઈન્સાનની નફસ પાકીઝા હશે તો જ એની અક્લ એને ફાયદો પહોંચાવશે અને અલ્લાહની કઝા અને કુદરતનને પહેચાની શકશે. યાઅની મૌલાના અલી (અ.સ.) ની ઈશ્કો મોહબ્બત હશે તો રસૂલુલ્લાહ બાવાજી (સ.અ.વ.વ.) ની હિદાયત કામ લાગશે. આનો સીધો મતલબ એ થાય છે કે અમલે સાલેહ અને વલાયતે અહલે બૈતે રસૂલ (સ.અ.વ.વ.) નફસને પાકીઝા બનાવે છે જેના સબબ ઈમાન મઝબૂત થાય છે અને મગફેરતના દરવાઝા ખોલી દેવામાં આવે છે, આ સિફતનું બયાન અલ્લાહતઆલા અક્લવાલાઓ વાસ્તે મખ્સૂસ કરે છે.

હર ઝમાનમાં નબી, વસી, ઈમામ યા દાઈ મુમેનીનની દીની તરબીયત અને ઈમાની તાઅલીમના એહતેમામ વાસ્તે કોશિશ કરે છે. આઅમાલે સાલેહાત જ ઈન્સાનને આખેરતમાં બલંદ મરતબા પર ફાઈઝ કરે છે. **નેક નિય્યત એ સહી અમલનું દિલ છે અને તે ઇમાનનો પણ એક અહમ હિસ્સો છે.** ઈન્સાનની પૂરી ઝિંદગીની કામિયાબીનો દારોમદાર તેની દીની તાઅલીમ, પરહૈઝગારી અને આઅલા તરબીયત તેમજ બેહતર અખ્લાક પર છે. આ તમામનું મરકઝ અને સરચશ્મો એક મીઠા પાનીનું ઝરણું છે જેનાથી મૌ.આદમ (અ.સ.) થી આજ તક મુમેનીનની જમાઅતને પોતાના ઈલ્મની પ્યાસ બુઝાવેલી છે અને તે મુબારક ઝરણું આ દાઅવત છે જેને ખુદ અલ્લાહતઆલાએ પોતાના અમરથી કાઈમ કીધેલી છે.

હુઝૂરે આલી (ત.ઉ.શ.) જે આજે હમારે દરમિયાન આ દાઅવતે શરીફાના અમીન અને મકીન છે, આપના અમરથી મુમેનીનના બચ્ચાઓની દીની તાઅલીમ નો સરઅંજામ બેહતર તૌર-તરીકાથી થાય તે વાસ્તે લિસાનુદ્દાઅવતને બુનિયાદ બનાવીને જદીદ તૌર પર મદ્રસાનો નિસાબ-સીલેબસ તરતીબ કરવામાં આવું. આ નિસાબને મદ્રસામાં તકરીબન પાઁચ સાલ થી સાહબે દાઅવતની હિદાયતને માતહત આહિસ્તા આહિસ્તા દરજા-બ-દરજા રાઈજ કરવામાં આવું. નતીજતન એ ચીઝ રૂનુમા થઈ કે જે બચ્ચાઓ બાકાયેદા મદ્રસામાં ઝૈરે તાઅલીમ હતા તેઓએ આ નિસાબથી ભરપૂર ફાયદો હાસિલ કીધો અને હમણા પણ કરી રહ્યા છે; મગર જે બચ્ચાઓ એક યા બીજા સબબ સર મદ્રસા સિવાય બીજી જગાઓ પર દીની તાઅલીમ લેવાના નામ પર જાતા હતા તેઓ મદ્રસાની તરીકએ તાઅલીમથી મેહરૂમ રહી ગયા. જમાઅતના તમામ બચ્ચાઓ એક જ ઈદારાના માતહત એક જ તરઝો તરીકતની દીની તાઅલીમ હાસિલ કરે અને સહી માઅનામાં ઈસ્લામી તરબીયતથી બોહરાવર થાય તે વાસ્તે દાઅવતે હાદીયાહની વઝારત પરથી ફરમાન સાદિર કરવામાં આવું કે, **" તમામ સાહબો જે બચ્ચાઓને મદ્રસા સિવાય દીની તાઅલીમ આપે છે, તેઓ જલ્દ અઝ જલ્દ પોતાના ટયુશનો બંધ કરી બચ્ચાઓને મદ્રસામાં દાખિલો લેવા તરફ રગબત અપાવે. "** જે બચ્ચાઓને મદ્રસાના વક્ત પર આવવા વાસ્તે કોઈ તકલીફ હોય યા માઅકૂલ સબબ પૈશ આવતો હોય, તો તેના વાલેદૈન મદ્રસાના મોહતમિમ સાહબને લેખિતમાં અરઝી કરી પોતાની તકલીફથી આગાહ કરે જેથી કોઈ ખૈર રસ્તો નીકાલી શકાય. જે બચ્ચાઓ ને હકીકતમાં કોઈ દુશ્વારી છે તે વાસ્તે એવા સાહબોને મુકર્રર કરવામાં આવશે જે બરાબર મદ્રસા મુજબ તાઅલીમ આપી શકે. આ બચ્ચાઓના ઈમ્તેહાન પણ મદ્રસાના ઈમ્તેહાન સાથે થાશે અને તેની તાઅલીમની પુછપરછ પણ મદ્રસાના બીજા ઉસ્તાદોના ઝરીએ વક્તન-ફ-વક્તન થાતી રહેશે.

સાલાના ઈમ્તેહાન બાદ જે તાલિબે ઈલ્મ મદ્રસામાં ઈબ્તેદાઈ તાઅલીમને પૂરી તરહ હાસિલ કરી લે છે તેને **" ફારિગુત્તહસીલ "** નું સર્ટીફીકેટ આપવામાં આવે છે જે એના મીસાકને લાઈક હોવાની નિશાની છે. વાલેદૈનને આગાહ કરવામાં આવે છે કે અગર આપ આપના દીકરા યા દીકરીનો રજબુલ મુરજ્જબમાં મીસાકનો ઈરાદો રાખતા હોવ તો મદ્રસાના મોહતમિમ સાહબને નઝદીક તમારા બચ્ચાને મોકલી, દીની માઅલૂમાત બરાબર છે કે નહીં તેની તફતીશ કરાવી "ફારિગુત્તહસીલ" ની સનદ હાસિલ કરી લેવી જોઈએ. હત્તલ ઈમ્કાન આ સનદનો મુતાલેબો સાહબે દાઅવત મીસાકને વક્ત કરી શકે છે. મુમેનીનથી એ જ ઈરશાદ છે કે બચ્ચાઓને ઈલ્મ ખૂબ પઢાવો અને પોતે પણ પઢો મગર તે સાહબના નઝદીક કે જે **" કરીને કુરઆન "** હોય. અને "કરીને કુરઆન" તો ફક્ત અહલે બૈત (અ.સ.) અને આપના અઈમ્મત અને દોઆત છે જે બોલતા કુરઆન છે. રસૂલે મકબૂલ (સ.અ.વ.વ.) એ ફરમાવું કે, **" અય મુમિન, ત્રણ ચીઝ તારી મૌત બાદ કબરમાં તારા સાથે રહેશે. (૧) તારી ઔલાદની તારા હક્કમાં મગફેરતની દોઆ (૨) સદકો (૩) અહલે બૈત (અ.સ.) નું ઇલ્મ. "** અલ્લાહતઆલા જમાઅતના હર ફર્દને હિદાયત આપી ઈલ્મે સહીહ અને અમલે સાલેહ પર ચાલનાર કરે જે અહલે બૈત (અ.સ.) ની શફાઅત ને પરામવા વાસ્તે આઅલા ઝાદો સામાન બને. ★